

હેલ્લો, હું રઘુ છું. મારી પત્ની સુષ્મા અને હું, અમારા વોર્ડમાં સામુદાયિક શૌચાલયના કેર-ટેકર તરીકે કામ કરીએ છીએ.
હું જાણું છું કે તમારા માંથી પણ ઘણા બધા લોકો અમારી જેમ આ કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન નાગરિકોને આ સેવાઓ પ્રદાન કરી રહ્યાં છે. અને તેથી જ હું તમને આ નોવેલ કોરોના વાયરસથી બચવા માટે કેટલાક સલામતી અને સુરક્ષા માટેના સૂચનો કહેવા માંગું છું...

સ્પષ્ટતા: આ સૂચનાઓ તેમના નિયમિત કાર્ યમાટે કોઈ SOP નથી પરંતુ સ્વચ્છતા કર્મચારીઓ દ્વારા લેવામાં આવતા વધારાના સલામતી પગલાઓને પ્રકાશિત કરવાના હેતુથી છે.

## કામ માટે ઘરેથી નીકળતા પહેલા તમારે આવશ્યક રીતે આટલું કરવું



૧. આખી બાંયના તેમજ શરીર ઢંકાય તેવા સંપૂર્ણ લંબાઈના કપડાં પહેરો



૨. શરીર પર પડેલા ઘા ને પાણીરોધક બેન્ડ-એડથી ઘાને ઢાંકી દો.



૩. મહાનગરપાલિકા/ નગરપાલિકા દ્વારા આપવામાં આવેલ ઈમર્જન્સી પાસ સાથે રાખો.




૪. હાથ ધોવા માટે પાણી અને સાબુ આપની સાથે રાખો



૫. હાથના મોજા, માસ્ક, બુટ અને એપ્રન વાપરો જો માસ્ક ન હોય તો તમારા નાક અને મોં ને ઢાંકવા ૨-૩ સ્તરો થઈ શકે તેવા સ્વચ્છ કાપડનો ઉપયોગ કરો.



૬. એક જોડી વધારાના કપડાં સાથે રાખો

## જ્યારે તમે કાર્યસ્થળ પર પહોંચો ત્યારે તમારે આવશ્યક રીતે આટલું કરવું

૧



૨૦ સેકન્ડ સુધી સાબુથી હાથ ધૂઓ

૨




સૂચવ્યા મુજબ સલામતીના સાધનો (સુરક્ષા કવચ) પહેરો

3



વપરાશકર્તાઓ એકબીજાથી નક્કી કરેલ અંતર જાળવી શકે તે માટે ટોઇલેટ બ્લોકની બહાર રંગ અથવા ચુનાથી વર્તુળો દોરો

૪




સલામતી ના સાધનો (સુરક્ષા કવચ) પહેરીને ટોઇલેટ બ્લોક સાફ કરો

૫





વપરાશકર્તાઓને શૌચાલયનો ઉપયોગ કર્યા પછી ઓછામાં ઓછા ૧ મીટરનું અંતર જાળવવા અને તેમના હાથ સાબુથી ધોવા માટે સૂચના આપો.

૬



હાથમોજા પહેરીને જ પૈસા (નોટ કે સિક્કા) લેવા

૭



વારંવાર સ્પર્શ કરેલા પદાર્થો અને સપાટીઓને સાફ અને જંતુમુક્ત કરો

૮



કોઈ પણ ખોરાક લેતા પહેલા ૨૦ સેકન્ડ સાબુથી હાથ ધૂઓ

## જ્યારે તમે તમારું કામ સમાપ્ત કરો ત્યારે



સલામતી ના સાધનો (સુરક્ષા કવચ) ને શરીર પરથી દૂર કરો



હાથ અને ચહેરો પાણીથી ધૂઓ



કપડાં બદલો અને બધા એક પેપર બાગ માં મૂકો



ઘરે પાછા જતાં માસ્ક અને કપડાં ની બીજી જોડી પહેરો





કુટુંબમાં કોઈને મળતા પહેલા સૌ પ્રથમ કપડાં અને સલામતીના સાધનોને સાબુથી ધોઈ નાખો અને તેને તડકામાં સૂકવી દો.

જો તમને કફ / તાવ અથવા નાક વહેતું હોય તો તરતજ ડોક્ટર નો સંપર્ક કરો

**ચાલો આપણી સલામતી સુનિશ્ચિત કરીને વાયરસ સામે જીતીએ**

બિલ અને મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશનની સહાય દ્વારા અર્બન મેનેજમેન્ટ સેન્ટર ની પ્રસ્તુતિ | manvita@umcasia.org